# Commissionerate of School

## Vidya Samiksha Kendra

3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021

Te.No.: 07923254001 E-mail: ss.umabranch@gmail.com


Ref. COS/10+2 /uma-02/2025/ ૧૧ - ૧૬ Date: 13 /01/2025

પ્રતિ,

માન.અંગત સચિવશ્રી,

માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,

સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,

ગાંધીનગર

વિષય: રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં ખાલી પડેલ કલાર્ક/સેવકની જગ્યા સંદર્ભે...

સંદર્ભ: (૧) આપનો તા.૧૮/૦૭/૨૦૨૪નો પત્રક્રમાંક:મુમક/Reg/2024/32012

(૨) રાજ્ય શાળા સંચાલક મહામંડળ– ગુજરાત પ્રદેશની તા.૧૭/૧૨/૨૦૨૪ની રજુઆત

(૩) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની તા.૧૫/૦૭/૨૦૨૪૭ની રજુઆત

(૪) મહેસાણાના જિલ્લા બિન સરકારી માધ્યમિક અને ઉ.મા.શાળા આચાર્ય સંઘનો ૦૫/૦૯/૨૦૨૪ની રજુઆત

મહાશય,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, ગાંધીનગર દ્વારા કરાયેલ તા.૧૫/૦૭/૨૦૨૪ની રજુઆત અન્વયે રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા શાળાઓમાં કલાર્ક તેમજ પટાવાળાની ભરતી કરવા બાબત અંગે માન. મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને કરાયેલ રજુઆત અત્રે મળેલ છે.

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કલાર્કની ભરતી બાબતે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૭ના સાતમા પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબતે ઠરાવમાં શરત નં.૧૦ માં ભારત સરકાર અને ગુજરાત સરકારની સુચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે તેમ ઠરાવેલ છે. રાજ્યની ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તથા શિક્ષકો સિવાયની વર્ગ-૩ની

બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી બાબતે શિક્ષણ વિભાગના તા.૦૬-૦૩-૨૦૧૮ના અ.સ.પત્ર ક્રમાંક:બમશ/૧૧/૨૦૧૮/૧૩૦૯૫૨/ગ થી સદરહુ જગ્યાઓ પર નિમણૂંક આપવા તેમજ એન.ઓ.સી આપવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૧૧ માસના કરાર આધારિત શાળા સહાયકથી કામગીરી લેવા વર્ષ ૨૦૨૫-૨૬ માટે ચાલુ બાબત તરીકે દરખાસ્ત કરેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા ઉક્ત દરખાસ્તની મંજૂરી અંગેના સ્પષ્ટ આદેશો મળ્યેથી આગળની કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પટાવાળા:** ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૪/સી.સી./૨૮/ગ. તા.૦૨/૦૨/૨૦૧૬ અન્વયેથી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક વર્ગ-૪ કર્મચારી તરીકે બિન કુશળ શ્રમયોગીઓની સેવાઓ લેવાનું નક્કી કરેલ છે. જે હકીકતથી માન.મુખ્યમંત્રીશ્રીનું માયાળુ ધ્યાન દોરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગુ. રા ગાંધીનગર

નકલ **સવિનય રવાના જાણ સારૂ:**

- રાજ્ય શાળા સંચાલક મહામંડળ- ગુજરાત પ્રદેશ, અરોમા હાયર સેકન્ડરી સ્કુલ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩
- ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ- "સારસ્વત ભવન" અભિષેક બિલ્ડીંગ, સેકટર-૧૧, "ચ" રોડ, ગાંધીનગર
- મહેસાણાના જિલ્લા બિન સરકારી માધ્યમિક અને ઉ.મા.શાળા આચાર્ય સંઘ- શ્રી એલ.વી.ચૌધરી એન્ડ એસ.વી ચૌધરી આદર્શ વિદ્યાલય, વણાગલા, તા.ઊંઝા, જિ.મહેસાણા- ૩૮૪૧૭૦